# કોરોના વાયરસ સમયગાળા અનુસંધાને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા વિદેશ વ્યાપાર નીતિ અંગે DGFT ન્યૂ દિલ્હી ખાતે કરવામાં આવેલ સૂચનો....

સમગ્ર વિશ્વની સાથો સાથ ભારત દેશ કોરોના વાયરસની મહામારી સાથે લડત આપી રહયું છે. ત્યારે આવા સંજોગોમાં વિદેશ વ્યાપાર મંત્રાલય દ્વારા પ્રવર્તમાન વિદેશ વ્યાપાર નીતી ના લાભો આગામી તા.૩૧-૩-૨૦૨૧ સુધી વધારી આપવામાં આવેલ છે. તેમ છતા નિકાસકારોને વધુ સવલતો મળે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ન્યુ દિલ્હીના ડી.જી.એફ.ટી. ને કોરોના વાયરસની વિશ્વવ્યાપી બિમારીના પરિપ્રેક્ષામાં કેટલીક રજૂઆતો કરવામાં આવેલ છે. જેમ કે નિર્ધારિત નિકાસ કરતા કરવામાં આવેલ વધારાની નિકાસ સબબ નિશ્ચિત ફી ચૂકવવાની હોય છે. આ વધારાની ફી નિકાસના એક માસમાં ચૂકવી આપવામાં ન આવે તો રૂા.૧૦૦૦/- દંડ વસુલ કરવો.

તેમજ જાહેર નોટીસ નં.૫૫ તા.૩-૧-૨૦ અંતર્ગત નિકાસકારોને ઈન્સ્ટોલેશન સર્ટીફીકેટ, બ્લોક એકસટેન્શન વગેરે માટે તા.૩૧-૩-૨૦ સુધી છુટ આપવામાં આવેલ હતી. તે આગામી તા.૩૧-૩-૨૦૨૧ સુધી લંબાવી આપવી.

સન ૨૦૧૪ થી નિકાસ પ્રવૃતિ ખૂબજ મંદ છે અને ભવિષ્યમાં મંદ રહેશે. આ સંજોગોમાં ઔદ્યોગિક નીતી ૨૦૦૯-૨૦૧૫ અંતર્ગત લાદવામાં આવેલ સરેરાશ નિકાસ મર્યાદા નાબૂદ કરવામાં આવેલ. તેમ પ્રવર્તમાન ઔદ્યોગિક નીતી ૨૦૧૫-૨૦૨૦ માં તાત્કાલીક ધોરણે નિકાસ મર્યાદા નાબૂદ કરવી.